**પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : વ્યસનમુક્તિ અને જીવન પરિવર્તન દિન**

# જીવન થોડું પણ સુંદર જીવ્યા એ સારૂં : મહંતસ્વામી

**૪૦ લાખ કરતાં વધુ લોકોને વ્યસનમુક્તિની પ્રેરણા આપતાં વ્યસનમુક્તિ આંદોલનોના પ્રહરી પ્રમુખસ્વામી મહારાજને બિરદાવતા મહાનુભાવો : દેશ-વિદેશના શીર્ષસ્થ નેતાઓથી લઈને ઉદ્યોગપતિઓ, ઉચ્ચ હોદ્દેદારો, વિજ્ઞાનીઓ, આદિવાસીઓ કે ખેડૂતો સુધી વિસ્તરેલ વ્યસનમુક્તિ અને જીવનપરિવર્તનનાં વિરાટ કાર્યોની ઝાંખી પ્રસ્તુત થઈ : પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને આઝાદીના અમૃત મહોત્સવ પર્વે મે, ૨૦૨૨ માં BAPSના ૧૬ હજાર બાળકોએ ૧૪ લાખ લોકોનો કર્યો સંપર્ક : ભગવાન સ્વામિનારાયણે સદાચારયુક્ત જીવનમાં વ્યસનમુક્તિને અગ્રીમ સ્થાન આપ્યું હતું**














૫ જુલાઈ, ૨૦૦૭ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે કલામે રાષ્ટ્રવ્યાપી વ્યસનમુક્તિ અભિયાન માટે મ્છઁજી ના બાળકોને રાષ્ટ્રપતિ ભવનમાં બોલાવી અભિનંદન પાઠવ્યા હતા. આજે 'વ્યસનમુક્તિ અને જીવન પરિવર્તન દિન'ના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિશિષ્ટ સંધ્યા સભાનું આયોજન થયું હતું. જેમાં અનેકવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વ્યસન મુક્તિના વિરાટ જનઆંદોલનના પ્રયોજક એવા સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજને ઉપસ્થિત મહાનુભાવોએ શ્રદ્ધાંજલિ આપી હતી. ભગવાન સ્વામિનારાયણ અને તેમના ૩૦૦૦ પરમહંસો ગામડે ગામડે વ્યસનમુક્તિની આહ્લેક લઈને ઘૂમી વળ્યા હતા. લોકોને વ્યસનમુક્ત અને સદાચારયુક્ત બનાવવાના વિરાટ કાર્યને જીવંત રાખવાનો યશસ્વી પુરુષાર્થ કરનાર હતા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની નિશ્રામાં મ્છઁજી સંસ્થા દ્વારા વિરાટ વ્યસનમુક્તિ આંદોલનો દ્વારા લાખો વ્યસનીઓ વ્યસનોની ચુંગાલમાંથી મુક્ત થયા. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે ૮ થી ૨૨ મે, ૨૦૨૨ દરમિયાન ભારતમાં વિરાટ વ્યસનમુક્તિ અભિયાન યોજાયું હતું, જેમાં ૧૨ થી ૧૪ વર્ષની ઉંમરનાં ૧૬,૦૦૦ બાળકોએ ઘરોમાં, ઓફિસોમાં, ફેક્ટરીઓમાં તેમજ બસ સ્ટેશન, રેલવે સ્ટેશન વગેરે જાહેર સ્થળોએ જઈને ૧૪ લાખ લોકોને મળીને વ્યસનમુક્તિનો સંદેશો આપ્યો. ૧૫ દિવસીય આ અભિયાનમાં ૪ લાખ લોકો વ્યસન્મુક્ત થવા સંકલ્પબદ્ધ થયા. ૩૧ મે, ૨૦૨૨ ના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિનના ઉપક્રમે BAPSના ૫૦,૦૦૦ કરતાં વધુ બાળ-બાલિકાઓએ સમગ્ર ગુજરાત અને ભારતમાં ૧૦૦ જેટલી વ્યસનમુક્તિ રેલીઓ દ્વારા વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો હતો. ૧૯૮૫ માં કેન્યાના મંત્રી શ્રી જોસેફ મટુરિયાએ જાહેરસભામાં પ્રમુખસ્વામી સમક્ષ દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. ૧૨ મે, ૨૦૦૭ ના રોજ BAPS મંદિર, નૈરોબી ખાતે પ્રમુખસ્વામી મહારાજને મળતાં તેમણે કહ્યું, "પ્રમુખસ્વામી મહારાજે મારું વ્યસન ૨૨ વર્ષ પહેલાં છોડાવી દીધું. ત્યાર પછી એક પણ વાર મને દારૂ પીવાનું મન થયું નથી. તેમણે મારું જીવન પરિવર્તન કરી નાખ્યું છે." ભગવાનની ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. BAPSના સંગીત વૃંદ દ્વારા 'મન માન કહ્યું તે મારું'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# કોવિડ ટાસ્ક ફોર્સની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૪

આરોગ્ય વિભાગના ACS મનોજ અગ્રવાલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે કોવિડ ટાસ્ક ફોર્સની બેઠક મળી છે. કોવિડ કેસ વધે તો શુ તકેદારી લેવી તેની ચર્ચાઓ કરવામાં આવી છે. જેમાં ટેલિ મેડિસિન, ઓનલાઈન પ્લેટફોર્મ ઉપયોગ કરવા સૂચન કર્યા છે. જીલ્લા-તાલુકા કક્ષાએ સારવારની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. ખાનગી હોસ્પિટલોમાં સારવાર અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં એક ઉચ્ચસ્તરિય બેઠક યોજીને રાજ્યમાં કોરોના વાયરસના સંભવિત નવા વેરિઅન્ટની સ્થિતિ અને તે માટે આરોગ્યતંત્રની સજ્જ્તાની સર્વગ્રાહી સમિક્ષા હાથ ધરી હતી.આ બેઠક પૂર્વે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજ્યના આરોગ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરીને સમગ્ર દેશની સ્થિતિનો તાગ મેળવવાની સાથે આરોગ્ય મંત્રીઓના સુઝાવ પણ સાંભળ્યા હતા. ભારતે કોરોનાના તમામ વેવમાંથી હેમખેમ પસાર થવામાં સફળતા મેળવીને દેશને કોરોનાના પ્રકોપથી બચાવ્યો છે. દેશમાં તૈયાર થયેલી કોવિશીલ્ડ અને કોવેક્સિન રસીના બંને ડોઝ લેવાથી ભારતીયોમાં રોગ પ્રતિકારક શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. આગામી તા.૨૭મીના રોજ તમામ હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાશે જેમાં હોસ્પિટલની ક્ષમતા ચકાસવી, ઓકસિજન સુવિધા અને બેડની એવેલીબીલીટી તથા દર્દીઓને એટેન્ડ કરવાની તૈયારીઓ ચકાસવામાં આવશે. મોકડ્રીલ બાદની સંકલિત માહિતી COWIN INDIA PORTAL ઉપર મુકવામાં આવશે.

ગુજરાતના અમદાવાદ અને સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિદેશી પ્રવાસીઓ માટે ૧૦૦ ટકા થર્મલ સ્કીનીંગ કરાશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારના દિશાનિર્દેશન મુજબ એરપોર્ટ ઉપર ૨% રેન્ડમ ચેક કરવામાં આવશે તેમજ સ્વૈચ્છિક ઈૅઝઇ માટેની વ્યવસ્થા પણ યાત્રિકોનો સમય ન બગડે તે રીતે કરવામાં આવશે. તજજ્ઞોના મતે BF7ના સંક્રમણના દર મુજબ ૧ વ્યકિત ૧૬ વ્યકિતને સંક્રમિત કરી શકે તેવી સંભાવના છે.



ચીન સહિત વિશ્વમાં કોરોનાના કેસોમાં વધારો થયા બાદ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા પણ સાવચેતી રાખવા જણાવ્યું છે ત્યારે અમદાવાદમાં આવેલા અર્બન સેન્ટરમાં કોરોના રસી લેવી માટે લાંબી લાઈનો નજરે પડી રહી છે.

## ઠુંઠવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકળવાનુ પસંદ કરતા નથી. કાતિલ ઠંડી વચ્ચે શહેરમાં ખુલ્લામાં રહેતા શ્રમિકો પણ દયાજનક સ્થિતિમાં મુકાયા છે. રાત્રિના સમયે સેકટરોમાં કેમ્પ ફાયરના દ્રશ્યો પણ જોવા મળે છે. શહેરમાં એક જ રાતમાં લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી નીચે ગગડી જતા ગાંધીનગર કાતિલ ઠંડીની ગિરફતમાં આવી ગયુ છે. જયારે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી સાથે આગામી દિવસોમાં હજુ પણ ઠંડી વધે તેવી પણ સંભાવના છે.

## સર્વેલન્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સબ નેશનલ સર્ટિફિકેટ માટેગાંધીનગર જિલ્લાના તમામ તાલુકા અને કોર્પોરેશન વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે.આ અનુસંધાને જીલ્લા વિકાસ અધિકારશ્રી સુરભી ગૌતમ દ્વારા જણાવેલ કે આ સર્વે એ ખુબજ અગત્યનો હોવાથી આ સર્વે દરમ્યાન સઘન સુપરવિઝન કરવા અંગે સંલગ્ન અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ. વધુમાં જીલ્લા ક્ષય અધિકારીશ્રી ડૉ.દીપક પટેલ દ્વારા જણાવવા માં આવ્યું કે આ સર્વેમાં ક્લસ્ટર ગાંધીનગર રૂરલ વિસ્તારના મેદરા, ચિલોડા, કંથારપુર, ચામલા, વરસોડા, માણસા, તેમજ ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારની પસંદગી થયેલ છે. આ સર્વે માટે ૧૦(દસ) ટીમો તૈયાર કરવામાં આવશે. એકત્રિત કરેલ માહિતીનો આગામી સમયમાં ટીબી નાબૂદીના કાર્યને વધુ વેગવંતુ બનાવવા કરવામાં આવશે. જેમાં IAPSM અને IIPHG સંસ્થાઓની દેખરેખ હેઠળ આ સર્વે કરવામાં આવશે. મીડિયાના માધ્યમથી આ સર્વે દરમ્યાન જે વિસ્તારમાં સર્વે કરવામાં આવનાર છે તે વિસ્તારના લોકોને સર્વેની ટીમના લોકોને સહકાર આપવા જણાવેલ. "મારું ગાંધીનગર ટીબી મુક્ત ગાંધીનગર" "ટીબી હરેગા દેશ જીતેગા"

## મૂલ્યાંકન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસાની પાંચ શાળાઓમાં ૨૬થી ૩૧ ડિસેમાાબર દરમિયાન યોજાશે. જ્યારે બાહ્ય મૂલ્યાંકન ૧લી જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવશે.

જિલ્લામાં આંતરિક મૂલ્યાંકનને લઈ તંત્રએ તેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. બાહ્ય મૂલ્યાંકન માટે ટીમો બનાવવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

## સફળ સર્જરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થીયેટરમાં ઓપરેશન (Homiglossectomy) જીભનો અડધો ભાગ એટલે ગાંઠ વાળા ભાગને કાઠી નખાયો. આ ઉપરાંત ગળામાં પણ કેન્સરની ગાઠના કારણે થયેલ બધી લીમ્ફનોડનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઓપરેશન ડૉ. યોગેશ કે. ગજ્જર ઈ.એન.ટી. વિભાગના વડા અને ખૂબ જ અનુભવી સર્જન તથા તેમની ટીમ ડૉ. રૂતુલ પંચાલ (સીનીયર રેસીડેન્ટ) અને ડૉ. યશ કાકડીા અને પ્રીયા (પોસ્ટ ગ્રેજ્યુએટ રેસીડેન્ટ) દ્વારા કરવામાં આવેલ. દર્દીની હાલત અત્યારે સ્થિર છે.

આ ઓપરેશનમાં ડૉ. શોભનાબેન ગુપ્તા (એનેસ્થેસિયા ડિપાર્ટમેન્ટ હેડ)ના માર્ગદર્શન હેઠળ ડૉ. હીનાબેન ગદાણી (સહપ્રાધ્યાપક)ની ટીમ દ્વારા એનેસ્થેસ્ટીસની જવાબદારી સંભાળી હતી.

ડૉ. યોગેશના જણાવ્યા અનુસાર આ દર્દીને ઓપરેશન બાદ શેક (રેડીયોથેરાપી)ની જરૂર પડશે. તેનો નિર્ણય ઓપરેશનમાં કાઢવામાં આવેલ ગળાની ગાંઠોના HPR પછી કરવામાં આવશે. આ દર્દીને તમાકુ / સોપારી / બીડીની આદત લગભગ લાંબા સમયથી હતી. જે આ ગાંઠનું કારણ મનાય છે. મોઢામાં થતી કોઈપણ પ્રકારની ચાંદી કે જેની રૂઝ ન આવતી હોય ૩ અઠવાડિયા કરતા વધુ લાંબા સમયથી હોય તો ડૉક્ટરની સલાહ લેવી જરૂરી છે. તેમાં પણ સોપારી / તમાકુ / બીડી- સીગરેટની આદત હોય તો અચૂક ડૉક્ટરની સલાહ લેવી જોઈએ કે જેથી તેની સારવાર વહેલામાં વહેલી તકે થાય તો બચવાના ચાન્સીસ વધી જતા હોય છે.

જીભનું કેન્સર ખૂબ જ જલ્દીથી ફેલાતું હોય છે. કારણ જીભ એક એવું અવયવ છે જેનો ઉપયોગ વારંવાર થતો હોય છે અને હાઈ બ્લડ સપ્લાઈડ અવયવ છે. તેથી જીભના કેન્સરના રીઝલ્ટ જેમ સ્ટેજ વધે છે તેમ સારા હોતા નથી.

## તથ્યહીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં હાલ એવો સંદેશો ફરી રહ્યો છે કે, કોરોના પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો માટે નેગેટિવ ટેસ્ટ રિપોર્ટ ફરજિયાત બનાવ્યો છે પરંતુ આ મેસેજની સત્યતા કંઈક અલગ જ છે. આ અંગે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે, કોરોના પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો પાસેથી નેગેટિવ કોવિડ રિપોર્ટની કોઈ માંગ કરવામાં આવી રહી નથી.

## હળવાશથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્તિ અને બીજી તરફ નબળા રસીકરણ દરો વર્તમાન પ્રકોપને ચીનમાં સૌથી ખતરનાક લહેર બનાવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડાએ દાવો કર્યો છે કે, ચીનની સ્થિતિ દર્શાવે છે કે રોગચાળો હજી સમાપ્ત થયો નથી. હવે નિષ્ણાતો એક નવી લહેરની ચેતવણી આપી રહ્યા છે જે સંભવિત પણે યુએસ, યુકે સહિત સમગ્ર વિશ્વને અસર કરી શકે છે.

ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના વૈજ્ઞાનિક કહ્યું કે, 'હાલમાં ભારતમાં કોરોનાનો દૈનિક પોઝિટિવ દર ઓછો છે. આમાં કોઈ ખાસ વધારો જોવા મળી રહ્યો નથી, પરંતુ એવું થઈ શકે છે કે આ વાયરસ પરિવર્તિત થઈ જાય. જો કે આનો અર્થ એ નથી કે આનાથી મૃત્યુદરમાં વધારો થશે, પરંતુ કેસોમાં જરૂરથી વધારો થઈ શકે છે.

# ધોરણ-૧ માં પ્રવેશ માટેના નવા નિયમનો કડકાઈથી અમલ થશે

## 3 લાખ વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરી સ્કૂલ રિપીટ કરવી પડશે : વિવિધ વાલીમંડળોએ કરેલી રજૂઆતને ફગાવી દેવાઈ

અમદાવાદ, તા.૨૪

રાજયમાં નવા શૈક્ષણિક સત્રથી ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટેની વયમર્યાદા વધારીને ૬ વર્ષ કરી દેવાઈ છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ (RTE)ના નિયમ અંગતર્ગત ૨૦૨૩-૨૪થી ફરજિયાતપણે છ વર્ષ પૂર્ણ કરનારા બાળકને જ પહેલા ધોરણમાં પ્રવેશ અપાશે. સરકારના આ નિર્ણયના કારણે અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરી રિપીટ કરવું પડી શકે છે. ૧ જૂન ૨૦૨૩ સુધીમાં જે વિદ્યાર્થીઓને છ વર્ષ પૂર્ણ થવામાં થોડાક મહિના કે દિવસો ખૂટતા હોય તેમને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવે તેની રજૂઆત વાલીઓના પ્રતિનિધિઓ દ્વારા મોટા શહેરોના જિલ્લા શિક્ષણ અધિકારીઓ (DEO) સમક્ષ કરવામાં આવી છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે, વયમર્યાદાના માપદંડનું પાલન ૨૦૨૩થી કડકાઈથી કરવામાં આવશે.

રાજ્યના શિક્ષણ સચિવ વિનોદ રાવે જણાવ્યું, "ધોરણ ૧માં છ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા જ વિદ્યાર્થીને પ્રવેશ આપવાના માપદંડના કારણે અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરીનું શિક્ષણ રિપીટ કરવું પડી શકે છે." અહીં ઉલ્લેખનીય છે કે, પ્રી-પ્રાયમરીમાં એડમિશનની પ્રક્રિયા અગાઉ રાજ્ય સરકાર નિયંત્રિત નહોતી એટલે જ નર્સરી, જૂનિયર અને કિન્ડરગાર્ટનમાં પ્રવેશ મેળવવા માટે વયમર્યાદાનો કોઈ માપદંડ નહોતો. પરિણામે એવા અસંખ્ય કિસ્સા છે જેમાં અઢી વર્ષના બાળકને નર્સરી સ્કૂલમાં પ્રવેશ આપી દેવાયો હોય. જોકે, આખરે હવે વયમર્યાદા પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

ઘણાં વાલીઓ હજી પણ આ નિયમ પચાવી નથી શક્યા. આ મહિનાની શરૂઆતમાં જ ગુજરાત હાઈકોર્ટે વડોદરાના કેટલાક વાલીઓની અરજીને ફગાવી હતી. વાલીઓએ અરજીમાં રજૂઆત કરી હતી કે, તેમના બાળકોને ૨૦૨૩માં ધોરણ ૧માં પ્રવેશ આપવા માટે તેઓ ખાનગી સ્કૂલને નિર્દેશો આપે. સ્કૂલે નવા નિયમને આગળ ધરીને બાળકોને નવા શૈક્ષણિક વર્ષમાં પહેલા ધોરણમાં પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. જેથી વાલીઓએ ફરિયાદ કરી કે, જ્યારે બાળકોનું પ્રી-પ્રાયમરીમાં એડમિશન લીધું ત્યારે સ્કૂલે વચન આપ્યું હતું કે, ૨૦૨૩માં તેમને પ્રાયમરીમાં પ્રવેશ આપી દેશે.

અમદાવાદમાં પણ રોજ ત્રણથી પાંચ વાલીઓ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ એ જ આશાએ જાય છે કે, તેમને રાહત મળશે. પરંતુ તેમને ધરમ ધક્કો જ પડે છે. તાજેતરમાં જ એક વાલીએ જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી હતી કે, ૩ જૂન ૨૦૧૭ના રોજ જન્મેલા તેમના બાળકને આ નિયમમાંથી બાદબાકી આપવામાં કારણકે વયમર્યાદાનો માપદંડ ફળીભૂત કરવામાં ફક્ત બે જ દિવસ ટૂંકા પડે છે. જોકે, વાલીને કચેરીએથી નિરાશા સાથે પાછા ફરવું પડ્યું હતું.

"વયમર્યાદાનો નિયમ ૨૦૨૩થી જ લાગુ થઈ જશે અને તેમાં વાલીઓ કે સ્કૂલોને કોઈ રાહત આપવામાં નહીં આવે. ૧ જૂન ૨૦૨૩ના રોજ છ વર્ષ પૂર્ણ થવામાં થોડાક મહિના કે દિવસો ખૂટતા હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓના પ્રતિનિધિઓ તરફથી અમને કેટલીય રજૂઆતો કરવામાં આવી છે પરંતુ તેમની માગ સ્વીકારી નથી", તેમ અમદાવાદ શહેરના DEO આર. એમ. ચૌધરીએ જણાવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧